# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૨

જુલાઇ 2026

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ધર્મની ............... માં રહીનેજ અન્ય પુરૂષાર્થ સાધવાના છે.
૨. ............... ના અક્ષરો પંચપરમેષ્ઠિના પ્રતિક રૂપ છે.
૩. કરણ .................. સર્વ જીવોને હિનાધિક પ્રમાણમાં હોય જ છે.
૪. આ ધરતી ઉપર ............... ને દેવ માની ને પૂજા કરવામાં આવે છે.
૫. એક શરીરમાં અનંત જીવો હોય તે ................... વનસ્પતિકાય છે.
૬. ................. થી પ્રભુ સમવસરણમાં પ્રવેશ્યા.
૭. જીવનમાં આગળ વધવું હશે તો આપણાં જીવન બાગમાંથી............. વીણી વીણી ને દૂર કરવા પડશે.
૮. પાણીના જીવો પ્રત્યેનો ................. પાણીના ખોટા વ્યયને અટકાવે છે.
૯. સુસ્કાંરોના સિંચન માટે સારા ................. અતિ આવશ્યક છે.
૧૦. જીવ જેનાથી જીવે તે .................. કહેવાય છે.
૧૧. સમાજ કે શાસનના હિત કરતાં આપણને આપણા .............. ની વધારે કિંમત હોય છે.
૧૨. પ્રભુના દર્શનથી .................... ને જાતિસ્મરણ થયું.
૧૩. .................. દેવ, ગુરૂ, ધર્મની નિંદા કરવામાં પણ પીછે હઠ કરતો નથી.
૧૪. આપણો જીવજ................. બનવાનો અધિકારી છે.
૧૫. ભાષા...................એટલે નિર્વદ્ય, પાપ રહિત વચન બોલવું.
૧૬. કેવળજ્ઞાની ને .................... જ્ઞાન હોય છે.
૧૭. આનંદ રહિત એવા .................. દેવોએ અગ્નિ પ્રગટાવ્યો.
૧૮. સર્વ વિરતિરૂપ ચારિત્ર લઇ મોક્ષના અનુષ્ઠાનને સાધે તે............... મુનિરાજ કહેવાય છે.
૧૯. .................. ઘણા પાપથી આપણને બચાવે છે.
૨૦. જ્ઞાન અને .................... એ જીવનના મુખ્ય ગુણો છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. જીવ હોય ત્યાં ચારિત્ર હોય તો ચારિત્ર હોય ત્યાં શું હોય ?
૨. કોઇ પણ જીવની હિંસા ન કરવી તે મહાવ્રતનું નામ શું ?
૩. કોનો ગુલામ કયારેય સુખી હોતો નથી ?
૪. ધર્મચક્ર તીર્થની સ્થાપના કોણે કરી ?
૫. કાંદા, લસણ ખાવાથી જીવનમાં કોનું પ્રમાણ વધતું જાય છે ?
૬. જીવનનો શણગાર શું છે ?
૭. જીવ જ્યારે વિષય ચિંતનમાં સમર્થ થાય છે ત્યારે કઇ પર્યાપ્તિની સમાપ્તિ થાય છે ?
૮. પિતાના વચન ખાતર વનવાસ કોણે સ્વીકાર્યો ?
૯. જો સંયોગ માં હર્ષ હોય તો વિયોગમાં શુ થશે ?
૧૦. નમિ-વિનમિની પ્રભુ ભક્તિ જોઇ કોણ પ્રસન્ન થયું ?
૧૧. ઉપાધ્યાયના સમીપે રહેવાથી શેનો લાભ થાય છે ?
૧૨. શંખ જીવના કયા ભેદમાં આવે ?
૧૩. મહાપુરૂષોના માર્ગ ને અનુસરવા જીવનમાં કયા ગુણોની જરૂરિયાત છે ?
૧૪. વિવિધ પ્રકારના જીવોનો ભંડાર કોણ છે ?
૧૫. સંસાર છોડવા જેવો છે તો સ્વીકારવા જેવું શું ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) પમુહા ૨) પજત્તા ૩) વિગલા ૪) ઘાણ ૫) વણસઈ ૬) ગુમાન ૭) મંડલિમુહ ૮) તવો ૯) ખમાસમણો
૧૦) ઘણતણુ ૧૧) મત્થેણ ૧૨) વીરિયં ૧૩) જાલ ૧૪) દુહ ૧૫) સગ ૧૬) કંદા ૧૭) નાયવ્વા ૧૮) આણ-પાણ
૧૯) વિજ્જુ ૨૦) જિયઠાણા

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B | A | B |
|---|---|---|---|
| ૧) કલુષિત વાતાવરણ | ૧) ઇચ્છા નિરોધ | ૬) વંશ | ૬) અભિનિવેશ |
| ૨) જટાધારી | ૨) બ્રાહ્મી | ૭) પ્રવર્તિની મહત્તરા | ૭) કષાય |
| ૩) પેટીવાજો | ૩) પુરૂષાર્થ | ૮) ભાવ તપ | ૮) વાયુકાય |
| ૪) લોભ | ૪) કપ્પિયા | ૯) ઉપાંગ | ૯) અગ્નિ |
| ૫) સર્વભક્ષી | ૫) તાપસો | ૧૦) ધર્મ | ૧૦) ઉદ્‌ભટ |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. જીવના ભેદ કેટલા ?
૨. ધરણેન્દ્રે નમિ વિનમિને કેટલા હજાર વિદ્યાઓ આપી ?
૩. પંચ પરમેષ્ઠિના ગુણ કેટલા ?
૪. મદના પ્રકાર કેટલા ?
૫. તેઇન્દ્રિયના પ્રાણ કેટલા ?
૬. જ્ઞાન પાઁચ છે તો અજ્ઞાન કેટલા છે ?
૭. શત્રુઓ કેટલા પ્રકારના છે ?
૮. શ્રી. ઋષભદેવ સાથે કેટલા હજાર મુનિઓ મોક્ષમાં ગયા ?
૯. અંગો કેટલા છે ?
૧૦. શ્રાવકના ગુણ કેટલા ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. હેતુઓ કરી નવા કર્મોનું આત્મપ્રદેશ સાથે મળી જવું તે બંધ તત્વ છે.
૨. ઉપદ્રવવાળા સ્થાનો માં સારી વ્યક્તિઓનો સંગ દુર્લભ બને છે.
૩. સમવાયાંગ ઉપાંગનું નામ છે.
૪. જીવનને સુંદર બનાવવું હોય તો જીવનને સ્વચ્છ બનાવવું આવશ્યક છે.
૫. અર્ણિકાચાર્ય ને મિથ્યાત્વ દેવે ઉપસર્ગ કર્યો.
૬. માતા–પિતાના અસંખ્ય ઉપકારોનું સ્મરણ સતત આપણા જીવનમાં હોવું જ જોઇએ.
૭. ધનની ત્રણ ગતિ ૧) દાન ૨) વૈભવ ૩) નાશ
૮. છદ્મસ્થ ને પ્રથમ દર્શન પછી જ્ઞાન હોય.
૯. માન આપને સર્વ સ્થાનોમાં પ્રિય કરે છે.
૧૦. સૌધર્મેન્દ્રે પ્રભુની ઉપરની ડાબી દાઢા લીધી.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. તપ વિના જીવ નથી જીવ વિના તપ નથી.
૨. શરીરની શોભા ટાપટીપ કરે નહિ.
૩. આપણે અનાદિકાળથી સાચી દૃષ્ટિ વિનાજ આ સંસારમાં રખડી રહ્યા છીએ.
૪. લાભ વધે તેમ લોભ વધે છે.
૫. પડેલું સુખ તે જાતે નર્યા.
૬. યાવત્ સર્વ દુઃખોથી સદાને માટે મુક્ત થયા.
૭. અકુશલ મનનો નિરોધ.
૮. મોહ ઓછો થાય એનાં નિમિત્તે થતા કલેશ=કકાશ ઘટી જાય.
૯. આજે જીવનમાંથી કરકસરનો ગુણ અલોપ થતો જણાય છે.
૧૦. તેથી મૌન જ રહ્યા.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. જયણા ૨) ધર્મચક્ર તીર્થ ૩) નિંદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ ૪) ઓમ્ ૫) આહાર પર્યાપ્તિ.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com